**પ્રશ્ન**: તારીખ ૨૫ જૂન ૨૦૧૬ ના રોજ શાળાને લગતી સમસ્યાઓનો પ્રશ્ન પુછવામાં આવેલ હતો. તે અંતર્ગત શિક્ષકો દ્વારા જણાવવામાં આવેલ સમસ્યાઓમાંથીસાતમાં ક્રમની મુખ્યઅને સૌથી વધુ શાળામાં જોવા મળતી સમસ્યા છે કે, શાળાની એસ.એમ.સી. જાગૃત નથી અનેશાળાને લોકસહકાર મળતો નથી.

શાળાની એસ.એમ.સી. જાગૃત થાય અને શાળાને લોકસહકાર મળે તે માટે કરેલ પ્રવુતિ અનેતેનું પરિણામ ટૂંકમાં જણાવો.

**તારણ**: શિક્ષકેઆપેલજવાબમાંથીશ્રેષ્ઠજવાબનીચેમુજબછે.
જવાબઆપવાનીસાથેજવાબઆપનારશિક્ષકનુંનામઅનેમોબાઈલનંબરપણઆપેલછે.

- શાળાની એસ.એમ.સી. નિષ્ક્રિય રહે તો બાળકો,શાળા અને સમાજને થતું નુકશાન વિશે એસ.એમ.સી.સભ્યોનેશાળાની આજુબાજુના વિસ્તારના પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારાસમજાવવામાં આવ્યા.(પરેશકુમાર ચૌહાણ-ભાવનગર-9428221766)
- શાળાની એસ.એમ.સી. અનેગામલોક દ્વારા વર્ષથી૨૦૦૪એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે ગામમાંકોઈ ધાર્મિક કાર્યક્રમ થાય તો તેની ૨૫ ટકા રકમ શાળાને આપવામાં આવે તેમાંથી શાળા પોતાની આર્થિક જરૂરિયાત પૂરી કરવામાં આવે છે.(કમલેશભાઈ લીલા-રાજકોટ-9601840333)
- સમૂહપ્રાથના કે અન્ય કોઈ કાર્યક્રમ દરમિયાન શાળાના ૪૦૦ બાળકો એક સાથે બેસી શકે તેવી કોઈ વ્યવસ્થા શાળા પાસેન હતી. આ અંગે એસ.એમ.સી.સભ્યોઅનેગામલોક સાથે ચર્ચા કરતાં તેમણે ચાર લાખ જેટલી રકમ એકઠી કરી ૧૮૦૦ ચોરસ ફૂટ ના ઇન્ડસ્ટ્રીયલ શેડ નું નિર્માણ કરવામાં આવ્યું.(અશ્વિનભાઈ પ્રજાપતિ-ગાંધીનગર-9724089181)
- "ખાટલા બેઠક" અંતર્ગતશાળામાં એસ.એમ.સી.મીટીંગનું આંમત્રણ એસ.એમ.સી.સભ્યો તેમના બાળકો દ્વારા પોસ્ટકાર્ડ લખીને આપવામાં આવતું અને હાજર ન રહેનાર એસ.એમ.સી.સભ્યની ઘરે બીજા મહિનાની એસ.એમ.સી.મીટીંગનું આયોજન કરવામાં આવતું.(જયેશભાઈ પટેલ-અરવલ્લી-9638649495)
- એસ.એમ.સી.ના સભ્યો કે  સ્થાનિક લોકોમાંથી શાળા માટે સારું કાર્ય કરનારને શાળાપરિવાર તેમજ ગામનાં લોકો દ્વારા બિરદાવવામાં આવે. તેઓએ કરેલ સારી કામગીરીનો તેમના બાળકો સામે,વર્તમાનપત્ર, ટેલિવિઝન કે અન્ય સામાજિક માધ્યમો દ્વારા પ્રચાર પ્રસાર કરવામાંઆવે છે.(પંકજભાઈ પરમાર-જામનગર-9978457656),(ગોવિંદભાઈ ચૌધરી-કચ્છ-7874065135)
- "એસએમએસ સેતુ" અંતર્ગત શાળાના તમામ બાળકોનાશિક્ષણ રેકોર્ડ,શાળાની સમસ્યા, શાળાનીજરૂરિયાતઅનેપોતે કઈ રીતે ઉપયોગી થઇ શકે તેનોએસએમએસ દરેક વાલી, એસ.એમ.સી.ના સભ્યો અને ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિમોકલી તેમને સહકાર આપવા જણાવવામાં આવે છે.(કરશનકુમાર કાળાભાઈ-કચ્છ-9687835710)